ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૨.૦૮.૨૦૧૭

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત જીલ્લાના વિવિધ સ્થાનોની મુલાકાત લીધી.**

---------------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જન્મ દિવસે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે રહી સંવેદનાનો પરીચય કરાવ્યો છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ આજરોજ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત જીલ્લાના વિવિધ સ્થાનોની મુલાકાત લીધી હતી. શ્રી વાઘાણીએ ડીસા ખાતે જલારામ મંદિર પાસે ચાલતા રાહત કેમ્પની સૌપ્રથમ મુલાકાત લીધી હતી. તે પછી થરા મુકામે ચાલી રહેલા રાહત કેમ્પમાં ખારીયા ગામના એકજ પરીવારના ૧૭ જણા મૃત્યુ પામ્યા હતા, તેમના પરીવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. તે પછી રૂણી તેમજ ખારીયા ગામની રૂબરૂ મુલાકાત લઈને રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. ભરવાડ સમાજના ગુરૂગાદી સ્થાન પર ચાલી રહેલા રાહત કેમ્પમાં મુલાકાત લઈને અસરગ્રસ્તો સાથે પ્રદેશ પ્રમુખશ્રી વાઘાણીએ સંવાદ કર્યો હતો.

શ્રી વાઘાણીએ મેડીકલ કેમ્પ, રાહત સામગ્રી, રાહત કેન્દ્રો ખાતે નિરક્ષણ કરી, સતત સેવા કરી રહેલા કાર્યકર્તાઓને પ્રોત્સાહન આપ્યું હતું અને અભિનંદનીય કાર્ય માટે બિરદાવ્યા હતા. માનવ સેવાના કાર્ય માટે કાર્યરત તમામ સામાજીક સંસ્થાઓ અને તેમના કાર્યકરોને પણ શ્રી વાઘાણીએ અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખશ્રીના સમગ્ર પ્રવાસ દરમ્યાન પ્રદેશ મહામંત્રીશ્રીઓ કે. સી. પટેલ અને શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ સાથે જોડાયા હતા.

આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ દિવસ છે. મુખ્યમંત્રીશ્રી સતત ચાર દિવસથી અસરગ્રસ્ત વિસ્તારોમાં હાજર રહીને કેમ્પ કરી રહ્યા છે. જન્મ દિવસે શ્રી રૂપાણીએ અસરગ્રસ્ત ગામોમાં અતિવૃષ્ટિના ભોગ બનેલા ગ્રામજનો સાથે રહી સંવેદનાનો પરીચય કરાવ્યો છે, તેમ જણાવી શ્રી વાઘાણીએ માનવતા સભર ઉમદા કાર્ય કરતા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવીને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ